પૂ. સાધુ-સાધ્વીજીઓને
અકસ્માતથી બચાવનારું-સલામતીભર્યું
વિહાર અંગે ઉપયોગી માર્ગદર્શન

• લેખક •

મુનિશ્રી હિતવિજયજી

• પ્રકાશક •

શ્રી નવકાર સારવાર કેન્દ્ર

૫૦૧, નાલંદા એન્ક્લેવ, સુદામાં રિસોર્ટ્સ સામે,
પ્રીતમનગર પહેલો ઢાળ, એલિસબ્રીજ,
અમદાવાદ-૩૮૦૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૮૧૯૨૪, ૨૬૫૮૧૯૨૫
www.navkarsarvar.org
e-mail : sanjay@navkarsarvar.org

વિહારમાં હાઈવે પર રસ્તાની કઇ બાજુ ચાલવું ?

લેખક : પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ

વિહાર કરતી વખતે રાખવા યોગ્ય સાવધાની :

આ યંત્રયુગમાં દિન-પ્રતિદિન યાંત્રિક વાહનોની સંખ્યા કૂદકે ને ભૂસકે વધી રહી છે, એટલું જ નહિ એમની ગતિ પણ સતત વધી રહી છે. નિયમોને નેવે મૂકીને વાહનો બેફામપણે ચલાવાઈ રહ્યાં છે. તેથી અકસ્માતોનું પ્રમાણ પણ રોજબરોજ વધી રહ્યું છે.

આવા અકસ્માતોથી સાવધાનીપૂર્વક રસ્તે ચાલનારા માણસોનું કિંમતી જીવન પણ, કીડી-મકોડાના જીવનની જેમ ક્ષણવારમાં રોળાઈ રહ્યું છે. પાછળથી આવતું વાહન જોરદાર ટક્કર મારીને નાસી છૂટે છે ત્યારે, એ અકસ્માતનો ભોગ બનનાર માણસના પ્રાણ પ્રાયઃ બચી શકતા નથી. ત્યાં ને ત્યાં જ એ વ્યક્તિ મરણને શરણ થઈ જાય છે, ત્યારે તેને સહાય કરનાર, સાંત્વન આપનાર, પાણી પાનાર અને નવકાર સંભળાવીને સમાધિ આપનાર કોઈ હોતું નથી.

વિહાર કરીને જતાં પૂ. સાધુ ભગવંતો અને પૂ. સાધ્વીજી મહારાજ પણ દર સાલ આવા અકસ્માતોનો ભોગ બની રહ્યા છે. પોતાની જાતને અકસ્માતથી બચાવી લેવા માટે અને આરાધનામય, ઉત્તમ ને કિંમતી સાધુ જીવનનું સારી રીતે રક્ષણ કરવા માટે કેટલીક વાતો જાણી લેવી જરૂરી છે.

સૌથી પહેલી વાત એ સમજી લેવા જેવી છે કે, સરકારી કાનૂન **'લેફ્ટ હેન્ડ ડ્રાઈવ'** ડાબી બાજુ વાહન હંકારવાનો છે, પણ **'લેફ્ટ હેન્ડ વોક'** ડાબી બાજુ ચાલવાનો નથી. આ કાનૂન વાહનો માટે છે, માણસો માટે નથી. વાહનો પણ વધી રહ્યાં છે અને એમની ગતિ પણ વધી રહી છે. એટલે માણસોએ જમણી બાજુ ચાલવું કે ડાબી બાજુ ચાલવું એ મહત્વનો પ્રશ્ન છે. વિહાર કરીને જતાં પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોએ રસ્તાની ડાબી બાજુએ નહિ, પણ જમણી બાજુએ જ ચાલવું જોઈએ.

ખરેખર તો પગે ચાલનાર તમામ માણસોએ આજ નિયમ અપનાવવા જેવો છે. બાળકો, વૃદ્ધો, અશક્તો અને અપંગોએ તો ખાસ.

ચાલીને જનારે વાહનની જેમ રસ્તાની ડાબી બાજુએ જ ચાલવું એવી લોકમાન્યતા બરાબર નથી. જમણી બાજુએ ચાલીએ તો અકસ્માતનો ભોગ બનીએ અને ડાબી બાજુએ ચાલીએ તો જ અકસ્માતથી બચીએ. આ માન્યતા પણ સાવ અવળી, ભૂલ ભરેલી અને અકસ્માતનો ભોગ બનાવનારી છે.

રસ્તાની જમણી બાજુએ ચાલવાથી થતા લાભ :

- સામી બાજુએથી આવતાં વાહનોને સારી રીતે જોઈ શકાય છે.
- ડ્રાઈવર હોશમાં છે કે નશામાં છે તે પણ જાણી શકાય છે.
- ડ્રાઈવર સારો છે કે ખરાબ છે તે પણ જાણી શકાય છે.
- આપણે માર્ગથી કેટલા દૂર ખસવાની જરૂર છે તે પણ જાણી શકાય છે.
- સામેથી ચાલ્યા આવતાં વાહનને આપણે જોઈ રહ્યા હોવાથી ડ્રાઈવરને હોર્ન મારવાની જરૂર રહેતી નથી.
- જે વૃદ્ધ સાધુ-સાધ્વીજીની શ્રવણશક્તિ મંદ પડી હોય એમને માટે અકસ્માતનો ભય રહેતો નથી.

રસ્તાની ડાબી બાજુએ ચાલવાથી થતાં નુકસાન :

- આપણી જ બાજુએ પાછળથી ચાલ્યાં આવતાં વાહનોને આપણે જોઈ શકતા નથી.
- ડ્રાઈવર સભાન છે કે નશામાં છે તે પણ આપણે જાણી શકતા નથી.

- આપણે માર્ગથી કેટલા દૂર ખસવાની જરૂર છે તે પણ જાણી શકાતું નથી.

- ડ્રાઈવરને વારંવાર હોર્ન વગાડીને આપણને ચેતવવાની જરૂર પડે છે.

- જે સાધુ-સાધ્વીજીઓની શ્રવણેન્દ્રિય મંદ પડી હોય તેઓ હોર્નનો અવાજ સાંભળી શકતાં નથી.

- જેમની શ્રવણેન્દ્રિય સતેજ હોય તેઓ પણ પવન જ્યારે વિરુદ્ધ દિશામાં જોરથી ફૂંકાતો હોય ત્યારે હોર્નનો અવાજ સહેલાઈથી સાંભળી શકતાં નથી. વાહન એકદમ નજીક આવી જાય છે ત્યારે જ સાંભળી શકે છે.

- ડ્રાઈવર જ્યારે સારા હોતા નથી અથવા નશામાં હોય છે કે રાતના ઉજાગરાને કારણે કંઈક નિદ્રાધીન-ઊંઘરેટા બનીને હાંકતા હોય છે ત્યારે, તેઓ વાહનોને આપણી એકદમ નજીકમાંથી પસાર કરી દેતા હોય છે. તે વખતે આપણે ભયભીત બની જઈએ છીએ, ક્યારેક ચક્કર પણ આવી જાય છે. આપણે જીવલેણ અકસ્માતમાંથી ઊગરી ગયા હોઈએ અને આપણને નવું જીવન પ્રાપ્ત થયું હોય એવી લાગણી થઈ જાય છે.

- પાછળથી આવતું પૂરઝડપે દોડાવાતું વાહન ઘણી વાર રસ્તે ચાલનારને અડફેટમાં લઈને, અથવા મસ્તકમાં કે શરીરના

બીજા ભાગોમાં જોરદાર ટક્કર મારીને ચાલ્યું જાય છે. તે વખતે મોટા ભાગના માણસોના પ્રાણ ત્યાં ને ત્યાં જ ચાલ્યા જાય છે. ભાગ્યયોગે બચી જનારા છેવટે અપંગ તો જરૂર બની જાય છે. પોતાનું શેષ જીવન એમને પરાધીનપણે અને રિબાઈ રિબાઈને પૂરું કરવું પડે છે, ત્યારે સમાધિ ટકાવી રાખવી પણ મુશ્કેલ બની જાય છે.

- વિહાર કરતી વખતે માર્ગની ડાબી બાજુએ ચાલવાને કારણે પોતાની બાજુએ પાછળથી ચાલ્યા આવતાં વાહનની ટક્કર લાગવાથી પ્રાણઘાતક અકસ્માતોનો ભોગ બનીને સાધુ-સાધ્વી સ્વર્ગવાસી બન્યાં હોય એવા ઘણા દાખલા મોજૂદ છે.

- **રસ્તાની જમણી બાજુએ જ ચાલવું.**

- આગળથી કે પાછળથી આવતાં વાહનો જ્યારે વારંવાર હોર્ન મારતાં હોય ત્યારે તે બંને વાહનોનું ક્રોસિંગ આપણી પાસે જ થવાનું છે એમ સમજીને, તેમનો માર્ગ મોકળો કરી આપવા માટે સડકની નીચે ઊતરી જઈને શક્ય તેટલા દૂર ખસી જવું જોઈએ.

- એક વાહન ચાલી શકે તેવી નાની સડક હોય ત્યારે, પાછળથી આવતાં વાહનના હોર્નનો અવાજ સાંભળીને સડકની નીચે ઊતરી ગયા પછી તે વાહન જ્યારે પસાર

થઈ જાય છે ત્યારે તરત જ આપણે ફરીથી સડક ઉપર આવી જવાની ઈચ્છા રાખીએ છીએ અને તેવો પ્રયત્ન પણ કરીએ છીએ, પરંતુ એમ કરવાથી આપણે અકસ્માતનો ભોગ બનીએ તેવી સંભાવના રહે છે, કારણ કે, ઘણીવાર એકની પાછળ તરત જ બીજું અને બીજાની પાછળ તરત જ ત્રીજું વાહન પણ આવી રહ્યું હોય છે.

- પહેલું વાહન જ્યારે આપણી નજીકમાંથી પસાર થાય છે ત્યારે તેની ઘરેરાટીના અવાજને કારણે પાછળના વાહનની ઘરેરાટીનો અવાજ અને ઘણી વાર તો હોર્નનો અવાજ પણ આપણે સાંભળી શકતા નથી. તે કારણથી તરત જ પાછળથી ચાલ્યા આવતાં બીજાં વાહનનો આપણને ખ્યાલ આવી શકતો નથી, તેથી એક વાહન પસાર થઈ ગયા પછી તરત જ આપણે માર્ગ ઉપર આવી જવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે અકસ્માત થવાનો સંભવ રહે છે, કારણ કે, પાછળના વાહનનો ડ્રાઈવર તે વખતે ખૂબ જ મુશ્કેલીમાં મુકાઈ જાય છે. તેને બ્રેક મારીને પોતાના વાહનને રોકી દેવાનો સમય જ મળતો નથી. તે જો ગભરાઈ જઈને અચાનક જોરદાર બ્રેક મારી દે, તો તેનું વાહન ઊથલી પડવાનો ને ઘણો મોટો અકસ્માત થવાનો સંભવ રહે છે. વળી તે વખતે આપણને પણ દૂર ખસવાનો સમય મળી શકતો નથી.

આ કારણથી પાછળથી એક જ વાહન આવી રહ્યું છે એમ સમજીને સડકની નીચે ઊતરી ગયા પછી અને તે વાહન પસાર થઈ ગયા પછી ફરીથી સડક ઉપર ચડતાં પહેલાં, પાછળ નજર કરીને બીજું કોઈ વાહન પણ આવી રહ્યું છે કે નહિ, તેની ખાતરી કરી લેવાની ટેવ પાડી દેવી જોઈએ. પાછળ બીજું કોઈ વાહન આવતું નથી એવી ખાતરી કરી લીધા પછી જ ફરીથી સડક ઉપર આવવું જોઈએ. તો જ અકસ્માતથી બચી શકાય છે.

ધોરી માર્ગ (હાઈવે) ઉપર સવારમાં વહેલો વિહાર કરવો હિતાવહ નથી, કારણ કે સામી બાજુએથી એક પછી એક વાહનો આવવાનું ચાલુ જ હોય છે. તેની લાઈટોના પ્રકાશથી આપણી આંખો સતત અંજાયેલી જ રહે છે, તેથી જે માર્ગ ઉપર આપણે ચાલી રહ્યા હોઈએ, તે માર્ગને પણ આપણે બિલકુલ જોઈ શકતા નથી. તેમજ એક પછી એક પસાર થતાં વાહનોના હેડલાઈટ સિવાયના બીજા કોઈ પણ ભાગનેય આપણે જોઈ શકતા નથી, તેથી આપણે અકસ્માતનો ભોગ બનીએ તેવી સંભાવના રહે છે.

ઓવરટેક :

પાછળનું વાહન ઝડપ વધારીને પોતાની આગળ જતાં વાહનને આંબીને એનાથી આગળ નીકળી જવાનો પ્રયત્ન કરે એને ઓવરટેક કહેવાય છે. મોટા ભાગના અકસ્માતો ઓવરટેક વખતે થતાં જોવામાં આવે છે, તેથી પોતાની નજીકમાં થઈને કોઈ

વાહનચાલક પોતાનાં વાહનને ઓવરટેક (બીજા વાહનની આગળ લઈ જવાનો પ્રયત્ન) કરતો હોય, ત્યારે રસ્તે ચાલનારે ખૂબ જ સાવધ રહેવું જોઈએ અને માર્ગથી બને તેટલા દૂર ખસી જવું જોઈએ.

૬ 'રી' પાળતા સંઘો :

૬ 'રી' પાળતા સંઘના આયોજકોએ, યાત્રિકોને રસ્તાની એક માત્ર જમણી બાજુએ જ લાઈનબંધ ચાલવાની સૂચના રોજેરોજ આપવી જોઈએ, કારણ કે યાત્રિકો જો રસ્તાની જમણી અને ડાબી બંને બાજુએ ચાલતા હોય, તો સડકનો માર્ગ વાહનોને પસાર થવા ઘણો સાંકડો બની જતો હોવાથી વાહનચાલકોને વાહનો ચલાવવામાં ઘણી મુશ્કેલી અનુભવવી પડે છે. વળી સામસામી દિશાએથી આવતાં વાહનોનું જ્યાં ક્રોસિંગ થાય છે, ત્યાં સાંકડા બની ગયેલા માર્ગને કારણે અકસ્માત સરજાવાનો સંભવ રહે છે. સડકની ડાબી બાજુનો એક ભાગ યાત્રિકો વગરનો બિલકુલ ખુલ્લો હોય, તો ક્રોસિંગ વખતે બંને વાહનોને એક સાથે પસાર થવા માટે પૂરતી જગ્યા મળી રહે છે, તેથી અકસ્માત સારી રીતે નિવારી શકાય છે.

૬ 'રી' પાળતા સંઘોમાં પોલીસો હોય છે અને તેઓ યાત્રિકોને માર્ગની ડાબી બાજુએ જ ચાલવાની ફરજ પાડતા હોય છે. સંઘના આયોજકોએ એમને સાચી સમજ આપીને, યાત્રિકોને

રસ્તાની જમણી બાજુએ જ લાઈનબંધ ચાલવાનું કહેવાની સૂચના આપવી જોઈએ.

પૂ. સાધુ-સાધ્વીજી મહારાજને ગામની બહાર સડક સુધી વળાવવા જનારા કેટલાક શ્રાવકો અજ્ઞાનતાથી સાધુ-સાધ્વીજી મહારાજને રસ્તાની ડાબી બાજુએ જ ચાલવા માટેનો આગ્રહ કરતા હોય છે. આ લેખ વાંચીને સાચી સમજ મેળવીને તેમણે પોતાની ભૂલ સુધારી લેવી જોઈએ. ડાબી બાજુએ ચાલવાનો પોતાનો આગ્રહ છોડી દેવો જોઈએ અને પૂ. સાધુ-સાધ્વીજી મહારાજને માર્ગની જમણી બાજુએ જ ચાલવા માટે કહેવું જોઈએ.

વિહારોપયોગી બાર-સૂત્રી આંગળી-ચીંધણું :

(૧) ક્યારેક ખાંચામાંથી આવેલી ગાડી જ્યાં સુધી ડિવાઈડર પૂરું ન થાય, ત્યાં સુધી પાછળ પાછળ આવી શકે છે, માટે ગાફેલ ન રહેવું.

(૨) વિહારમાં વાહનોના રસ્તા ઉપર બે-ત્રણ જણે એક સાથે હાથ પકડીને ચાલતાં હોય તેમ ન ચાલવું. એકની પાછળ બીજાએ અતિ નજીક ન ચાલવું. સમૂહમાં ન ચાલવું. એક-બીજાથી પાંચ-સાત ડગલાં દૂર આગળ-પાછળ ચાલવું અને એક-બીજાથી બહુ દૂર પણ ચાલવું નહિ.

(૩) રસ્તાના છેડા ઉપર ચાલતી વખતે ખાડા, ઢાળ કે નાળાં વગેરેનો ખાસ ઉપયોગ રાખવો.

(૪) અતિશય ભારે વાહનો ચાલતાં હોય, એવા હાઈવે પર રસ્તાની નીચે ચાલવું યોગ્ય રહેશે. કાચા રસ્તા હોય તો નછૂટકે પગનાં મોજાંનો ઉપયોગ કરવો.

(૫) અકસ્માતો ચાર રસ્તાની ચોકડી ઉપર અથવા આપણે ડાબી બાજુ ચાલવાથી વધારે થાય છે.

(૬) જ્યાં રસ્તામાં ચોકડી આવતી હોય ત્યાં ચોકડી પર રસ્તો ન ઓળંગતાં પહેલેથી જ રસ્તો ઓળંગવામાં વધુ સલામતી રહે છે.

(૭) રસ્તો જ્યાં વળતો હોય ત્યાં અને જ્યાં અનેક રસ્તા ભેગા થતા હોય ત્યાં વિશેષ ખ્યાલ રાખવો. નાના રસ્તા, સૂમસામ રસ્તા તથા ઓછાં વાહનવાળા રસ્તા પર પણ અકસ્માતનો વિશેષ સંભવ હોય છે.

(૮) માર્ગના કિનારે કાચી જગ્યામાં ચાલવાનો ખ્યાલ રાખવો. સામાન્યથી જતાં-આવતાં વાહનો આપણાથી ઓછામાં ઓછા બે હાથ દૂર રહે, તે ધ્યાનમાં રાખીને બાજુમાં ચાલવું.

(૯) સવારની ગુલાબી ઠંડીમાં રાતના ઉજાગરાથી ડ્રાઈવરને ઝોકાનો સંભવ રહે છે. તેથી સૂર્યોદયથી પહેલાં અકસ્માતની સંભાવના રહે છે, તે માટે વિહાર મોડો શરૂ કરવો હિતાવહ છે.

(૧૦) સાંજે સૂર્યાસ્ત પહેલાં પહોંચી જવાનો ઉપયોગ રાખવો. વિહારમાં થાક વગેરે ન લાગે તેવા નાના અને થોડા વિહાર કરવા.

(૧૧) ડોળીવાળાએ તથા વ્હીલચેરવાળાએ પણ જમણી બાજુએ જ ચાલવું.

(૧૨) ડોળી કે સાયકલવાળા માણસને અગાઉથી બધું સમજાવીને તૈયાર કરવા, જેથી અણીના સમયે તે ગભરાઈ ન જાય, જરૂરી ફોન નંબરો સાથે રાખવા અને માણસને પણ આપી રાખવા.